# તલોદમાં તપોવન વિદ્યામંદિરનો વાર્ષિકોત્સવ ધામધૂમથી ઉજવાયો



તલોદ, તા. ૨

તલોદમાં ઉલાઈ માતાજીના મંદિર ખાતે તપોવન વિદ્યામંદિરનો વાર્ષિકોત્સવ ધામધૂમથી ઉજવાયો હતો. શાળા સંચાલક હિતેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ દિપ પ્રાગટ્ય કરી મહેમાનોનું સ્વાગત પ્રવચન કરી મોમેન્ટોથી બહુમાન કરવામાં આવ્યું હતું.

વાર્ષિકોત્સવમાં પાલિકા ઉપપ્રમુખ ઋતુલભાઈ પટેલ, તાલુકા શહેર પ્રમુખ કલ્પેશભાઈ પટેલની ઉપસ્થિતિમાં શાળાનું સંચાલન અને વહિવટ ઓર્ગેનાઈઝર સચિનભાઈએ કર્યું હતું. શાળાના પ્રિન્સિપાલ તુષારભાઈએ આભાર વિધિ કરી બાળકોને શારીરિક વિકાસ માટે શારુ શિક્ષણ અને તેમનાં રહેલી શુષુપ્ત શક્તિ બહાર લાવવા વાલીગણ સમક્ષ જાણકારી આપી હતી. આ સાથે દેશભક્તિ અને રાષ્ટ્રપ્રેમથી દેશવીરો અને શહિદોને પણ યાદ કરવામાં આવ્યા હતા. વિશાલ સંખ્યામાં વિદ્યાર્થીઓ અને વાલીગણ આ કાર્યક્રમમાં હાજર રહ્યા હતા.

# બાયડમાં ટ્રાફીકજામની વકરેલી સમસ્યાથી નેશનાલાઈઝ બેંકોએ સ્થળાંતરનું મન બનાવ્યું

## આગામી ૧ વર્ષ દરમ્યાન ૨ થી વધુ બેંકો ઓછા ટ્રાફીક વિસ્તારમાં ખસેડાશે





બાયડ તા.૨

બાયડમાં ટ્રાફીકજામની સમસ્યાથી ત્રાસેલા નેશનાલાઈઝ બેંકોના સત્તાવાળાઓએ લગભગ સ્થળાંતરનું મન બનાવ્યું છે. જયાં યોગ્ય પાર્કીંગની વ્યવસ્થા હોય અને ઓછો ટ્રાફીક હોય તેવા વિસ્તારોમાં બેંકોનું નવું મુકામ હોઈ શકે છે. એક રીતે સ્થાનિક તંત્રની બેદરકારીના કારણે વર્ષોથી પ્રજા, ગ્રાહકો માટે આશીર્વાદરુપ બનેલી બેંકો અન્યત્ર સ્થળે ખસેડાઈ શકે છે. મળતી જાણકારી અનુસાર જિલ્લા કલેક્ટર દ્વારા ટ્રાફીક સમસ્યા હળવી કરવા માટે પોલીસ વડા સહિત સ્થાનિક વહીવટી તંત્રને વારંવારની તાકીદ છતાં કલેક્ટરના આદેશોને પણ ઉલટ સુલટ કરવામાં માહેર સ્થાનિક તંત્ર કોઈ કામગીરી કરતું નથી. એના એ જ રસ્તા અને વાહનોમાં તોતિંગ વધારો થયા પછી બાયડમાં મુખ્ય બજારમાં ટ્રાફીક સમસ્યા વિકરાળ બની ગઈ છે. જ્યારે વર્ષોથી બાયડના મુખ્ય બજારમાં આવેલી નેશનાલાઈઝ બેંકો ગ્રાહકો માટે આશીર્વાદરુપ હતી અને બસ સ્ટેશનથી માત્ર વોકીંગ ડીસ્ટન્સ ઉપર આવેલી બેંકોનટ્ઠા કારણે આસાનીથી પોતાનું કામ ઝડપથી પુરુ કરી શકતા હતા પરંતુ હવે મુખ્ય માર્ગ ઉપર આડેધડ વાહન પાર્કીંગ અને ફૂટપાથ ઉપર પણ અડીંગા જામી જતાં બેંકમાં આવતા ગ્રાહકો પારાવાર હાલાકી ભોગવી રહ્યા છે. જેથી અનેક ગ્રાહકોએ અન્ય ખાનગી બેંકો તરફ મોં ફેરવી લેતાં નેશનાલાઈઝ બેંકોના સત્તાવાળાઓ ચોંકી ઉઠ્યા છે. આવનારા થોડા દિવસોમાં ૨ થી વધુ નેશનાલાઈઝ બેંકોનું અન્ય જગ્યાએ સ્થળાંતરની હિલચાલ જોવા મળી રહી છે.

# તલોદમાં દૂધના ભાવવધારાથી આમ જનતાની આવશ્યક ચીજ ખરીદીમાં મુંઝવણો

તલોદ, તા. ૨

તલોદમાં દૂધ, છાશ, દહીં જેવી જીવજરૂરી ચીજોમાં વારંવાર ભાવ વધારો



સરકાર દ્વારા ગરીબ આમ જનતા દૂધ, દહી, છાસ જેવી અતિ આવશ્યક વસ્તુ પર વારંવાર ભાવ વધારો કરી દેતા ગરીબ મધ્યમ વર્ગનું બજેટ ખોરવાઈ ગયું છે. ઉનાળાની ગરમીમાં દૂધ, છાસ, લસ્સી, શેરડીન રસ, ઠંડા પીણા આ વખતે થતા આમ જનતા મુશ્કેલીમાં મુકાઈ છે. અમુલ દૂધ ઉત્પાદકના મુકેલા વિક્રેતાઓ દ્વારા છાપેલી પ્રિનટો કરતા બેફામ વધારે ભાવ વધારો ગ્રાહકો પાસે વસુલી રહ્યા છે. અનેક રજુઆતો છતાં ઉત્પાદકો ચિર નિંદ્રામાં જાણવા મળ્યું છે. દોઢા ભાવોથી વેચાઈ રહ્યા છે. વિક્રેતાઓ દ્વારા જનતાને બેફામ ભાવો વધારી લૂંટી રહ્યા છે.

દૂધ જેવી ચીજવો પર બેફામ ભાવધારાથી તલોદ પંથકમાં ચોતરફ વિરોધ-વંટોળ જોવા મળી રહ્યો છે.

# બનાસકાંઠામાં આજથી સરકારી પ્રાથમિક શાળાનો સમય વહેલી સવારનો કરાયો

## શાળાઓમાં તા.૩ એપ્રિલ થી ધો.૩ થી ૮ ના વિદ્યાર્થી ઓની વાર્ષિક પરીક્ષાનો પ્રારંભ થશે

પાલનપુર તા.૨

બનાસકાંઠા જીલ્લાની સરકારી પ્રાથમિક શાળા ઓમા બાળકોના શિક્ષણકાર્ય માં સમય આજ થી વહેલી સવાર નો કરવામાં આવ્યો છે. જોકે જીલ્લા ની ૨૭૦૦ ઉપરાંત ની સરકારી શાળામાં આજ તા.પહેલી એપ્રિલ થી સવાર નો સમય કરવામાં આવ્યો છે. અને ધો.૩ થી ૮ ના બાળકોની વાર્ષિક પરીક્ષા નો કાર્યક્રમ પણ જાહેર કરાયો છે.આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે, બનાસકાંઠા જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી શ્રી વિનુભાઈ પટેલે જણાવ્યું હતું કે,બનાસકાંઠા જિલ્લાની ૨૭૦૦ ઉપરાંત સરકારી પ્રાથમિક શાળાનો સમય જે સવારના ૧૧ થી સાંજના પાંચ વાગ્યા સુધીનો હતો જે બદલી ને આજે તા.૧ એપ્રિલ થી શાળા નો સમય સવાર ના ૭,૪૫ થી ૧૧-૩૦ કલાક નો કરવામાં આવ્યો છે અને આગામી તા.૩ એપ્રિલ ૨૦૨૩ થી ધો.૩ થી ૮ ના વિદ્યાર્થી ની વર્ષીય પરીક્ષા નો પ્રારંભ થશે જે પરીક્ષા તા.૨૦ એપ્રિલના પૂર્ણ થયા બાદ પરીક્ષા નું પરિણામ જાહેર કર્યા બાદના દિવસોમાં શાળા ઓનાં વેકેશન ની સત્તાવાર જાહેરાત કરવામાં આવશે.

# પાલનપુરમાં નગરપાલિકા નવનિયુક્ત મુખ્ય અધિકારી નવનીત પટેલે ચાર્જ સંભાળતાની સાથે જ આક્રમક વેરા વસૂલાત ઝુંબેશ

## શહેરમાં લીઝ ધારક દુકાન દારો પાસે થી રૂ.૧,૩૦ લાખની સ્થળ પર વસૂલાત કરાઈ : વેરા વસૂલાત ઝુંબેશમાં બાકી દારલીઝ ધારકો ની દુકાનો સિલ કરાશે

પાલનપુર તા.૨

પાલનપુર નગપાલિકા દ્વારા શહેરમાં મિલકત ધારકો ના બાકી કર ની વસૂલાત અને લીઝ ધારક દુકાનદારો ના બાકી ભાડા ની વસુલાત માટે પાલનપુર નગરપાલિકાના નવનિયુક્ત મુખ્ય અધિકારી કર્મયોગી એવા શ્રી નવનીતભાઈ પટેલની આગેવાની હેઠળ પાલિકા પ્રમુખ કિરણ દેવેન્દ્રકુમાર રાવલ, ઉપપ્રમુખ હસમુખ પઢીયાર,કારોબારી ચેરમેન દીપક પટેલ સાથે વિચારણા બાદ આક્રમક વેરા વસૂલાત ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. જેમાં રીઢા બાકીદારો ની દુકાનો સિલ કરવાની સાથે મિલકત ધારકો ના નળ જોડાણ કાપી સ્થળ પર બાકી કર અને ભાડા ની વસૂલાત કરાઈ રહી છે જેમાં શનિવારે પાલિકાની ટીમે વિવિધ વિસ્તારમાં ઝુંબેશ દરમિયાન બાકીદાર લીઝ ધારકો પાસે થી રૂ ૧,૩૦ લાખની સ્થળ પર વસૂલાત કરાઈ હતી .આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે,પાલનપુર નગરપાલિકા દ્વારા બાકી કરની વસુલાત માટે બાકીદારો અને લીઝ ધારકો કે જે દુકાનો ના ભાડા નથી ભરતા તેવા વેપારીઓ સામે નગરપાલીકા દ્વારા લાલ આંખ કરવામાં આવી છે. જેમાં શનિવારે પાલીકાના ટેક્સ ઈન્સ્પેકટર સેવંતીભાઈ ઠક્કર, ગજેન્દ્ર ભાઈ ત્રિવેદી અને તેમની ટીમે લીઝ ધારક દુકાનદારો પાસે થી બાકી ભાડા વેરાની વસૂલાત માટે શહેરમાં દિલ્હી ગેટ, સીમલા ગેટ, સીટી લાઈટ રોડ, પ્રહલાદન શોપિંગ સેન્ટર સહિતના વિસ્તારોમાં વસૂલાત ઝુંબેશ હાથ ધરી લીઝ ધારકો ના બાકી ભાડા વેરા ની સ્થળ ઉપર વસૂલાત કરવાની કાર્યવાહી હાથ ધરી બાકીદારો પાસે થી સ્થળ પર રૂ.૧,૩૦ લાખ ની વસુલાત કરવામાં આવી હતી . જોકે વેરા વસુલાત ઝુંબેશ ની કામગીરીમાં બાકી વેરો કે ભાડું નહિ ભરનાર મિલકત ધારક કે દુકાનદાર ની મિલકત સીલીંગ કરવાની સાથે મિલકતમાં નળ જોડાણ કાપવા ની કામગીરી કરવામાં આવી રહી છે. અને આ ઝુંબેશ અગામી દિવસોમાં પણ ચાલુ રહેવા ની હોય બાકીદારો માં ફફડાટ ફેલાયો છે.

### વડોદરામાં ભગવાન રામની શોભાયાત્રા પર થયેલા પથ્થરમારાનો મામલે

# કાંકરેજના ધારાસભ્યે કહ્યું-'અસામાજિક તત્વોને સળિયા પાછળ ધકેલી કડકમાં કડક કાર્યવાહી થવી જોઈએ'

પાલનપુર,તા.૨

વડોદરામાં રામનવમીની ઉજવણીમાં રથયાત્રા દરમિયાન પથ્થર મારાની ઘટના સામે આવી હતી. જે મામલે બનાસકાંઠા જિલ્લાના કાંકરેજ કોંગ્રેસના ધારાસભ્ય અમૃતજી ઠાકોરનું નિવેદન સામે આવ્યું છે. જેમાં ધારાસભ્યએ અસામાજિક તત્વોને સળિયા પાછળ ધકેલી કડકમાં કડક કાર્યવાહીની માંગ કરી છે અને ગુજરાતમાં કાયમી શાંતિ અને ભાઈચારો જળવાઈ રહે તેવી વિનંતી કરી છે. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે ,સમગ્ર દેશમાં ગઈકાલે રામનવમી નિમિતે ઠેર ઠેર જગ્યાએ શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. ત્યારે વડોદરામાં પણ વિશ્વ હિંદુ પરિષદ અને બજરંગ દળ દ્વારા શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. વાજતે ગાજતે નીકળેલી શોભાયાત્રા ફતેપુરા પાંજરીગર મહોલ્લા પાસે પહોંચતાં એકાએક પથ્થરમારો શરૂ થયો હતો. જેથી દોડધામ મચી ગઈ હતી એ સાથે તોફાની ટોળાએ રોડ ઉપરની લારીઓમાં પણ તોડફોડ કરી હતી. પથ્થરમારાના કારણે રોડ ઉપરની દુકાનો ટપોટપ બંધ થઈ ગઈ હતી. જોકે, કોમી ભડકો ઉગ્ર સ્વરૂપ ધારણ કરે એ પહેલાં જ પોલીસ કાફલો સ્થળ પર દોડી ગયો હતો અને તેમણે પરિસ્થિતિ પર કાબૂ મેળવ્યો હતો.આ સમગ્ર ઘટનાને લઈને કાંકરેજ કોંગ્રેસના ધારાસભ્ય અમૃતજી ઠાકોરે નિવેદન આપ્યું છે, તેઓએ જણાવ્યું કે, ગઈકાલે રામનવમીની શોભા યાત્રામાં જે પથ્થરમારાની ઘટના બની છે તે બનાવને સખત શબ્દોમાં વખોડી કાઢું છું. અસામાજિક તત્વોને ધર્મ, જાતિ, સમાજ વચ્ચે કોઈ પ્રેમ કે ભાઈ ચારો હોતો નથી. એવા તત્વો શાંતિ ડહોળવાનો પ્રયાસ કરતા હોય છે એમને વહેલામાં વહેલી તકે જેલના સળિયા પાછળ ધકેલી દેવા જોઈએ અને કડક કાર્યવાહી કરવી જોઈએ. ગુજરાતમાં કાયમી શાંતિ અને ભાઈચારો જળવાઈ રહે તેવી વિનંતી કરૂ છું.

# બનાસકાંઠા જિલ્લા કલેકટરની રાજકોટ ખાતે બદલી

પાલનપુર તા.૨

બનાસકાંઠા જિલ્લા કલેક્ટર તરીકે ફરજ બજાવતા આનંદકુમાર પટેલની રાજકોટ ખાતે બદલી કરવામાં આવી છે.ત્યારે બનાસકાંઠા જિલ્લા કલેકટર તરીકે વરૂણકુમાર બરનવાલને મૂકવામાં આવ્યા છે. ગુજરાત સરકાર દ્વારા વહીવટમાં મોટા ફેરફાર કરવા માં આવ્યા છે. અને રાજ્યમાં ૧૦૯ આઈ એ એસ ની સામુહિક બદલી કરવામાં આવી છે.આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે ,જેમાં બનાસકાંઠા જિલ્લા કલેક્ટર ની પણ બદલી કરવામાં આવી છે.બનાસકાંઠા જિલ્લા કલેક્ટર તરીકે ફરજ બજાવતા આનંદકુમાર પટેલ ની રાજકોટ ખાતે બદલી કરવામાં આવી છે. અને બનાસકાંઠા જિલ્લા ના નવીન કલેક્ટર તરીકે રાજકોટ ખાતે પીજીવીસીએલ માં મનેજિંગ ડિરેક્ટર તરીકે ફરજ બજાવતા વરુણકુમાર બરનવાલ ને મુકવામાં આવ્યા છે.

# પાલનપુરમાં ગ્રાહકના સ્વાંગના આવેલી ત્રણ મહિલા જવેલર્સની નજર ચૂકવી નકલી બુટ્ટીની જગ્યાએ સોનાની બુટ્ટી ઉઠાવી ગઈ

## દુકાનમાંથી અડધા તોલા સોનાની બુટ્ટીની ચોરી ની ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ

પાલનપુર તા.૨

પાલનપુરના મોટી બજાર ચોકમાં આવેલ એક જ્વેલર્સની દુકાનમાં ગ્રાહક ના સ્વાંગ માં આવેલ એક મહિલા અને બે યુવતીએ સોનાની બુટ્ટી જોવા માંગી હતી જે બાદ વેપારીની અંદર ચૂકવી અડધા તોલા સોનાની એક જોડ બુટ્ટી શેરવી લઈ તેની જગ્યાએ નકલી સોનાની બુટ્ટી પરત કરી છેતરપિંડી આચરી હોવાની ઘટના સામે આવી છે .



જોકે આ ચોરીની ઘટના દુકાનમાં લાગેલ સીસીટીવી કેમેરામાં કેદ થતા વેપારીએ સોનાની બુટ્ટી ની ચોરી કરનાર મહિલાઓ ની શોધખોળ શરૂ કરી છે.આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે,પાલનપુર મોટી બજાર ચોકમાં સોના ચાંદીના દાગીનાની દુકાન ધરાવતા રાજેશભાઈ સોનીની દુકાનમાં તા.૨૪ માર્ચના રોજ એક મહિલા અને બે યુવતીઓ ગ્રાહક બનીને આવી હતી .અને દુકાનદાર પાસે સોનાની બુટ્ટી ખરીદી કરવા બુટ્ટી નું બોક્ષ જોવા માંગ્યું હતું દરમિયાન યુવતીએ વેપારીની નજર ચૂકવી બોક્ષમાં રહેલ રૂ. ૩૦,૦૦૦ ની કિંમતની એક જોડ સોનાની બુટ્ટી શેરવી લીધી હતી.

અને તેની જગ્યાએ તેની પાસે રહેલી નકલી સોનાની બુટ્ટી બોક્ષ માં મૂકી વેપારીને પરત કરી પૈસા લહી ને આવું છું તેમ કહી પલાઈન થઈ ગઈ હતી .જોકે મહિલા અને યુવતીના ગયા બાદ વેપારીએ બોક્ષમાં રહેલ બુટ્ટી ની તપાસ કરતા યુવતીએ પરત કરેલ બુટ્ટી નકલી હોવાનું માલુમ પડતા તેમને દુકાનમાં લાગેલ સીસીટીવી કેમેરા ચેક કરતા એક યુવતી સોનાની બુટ્ટી ની ચોરી કરી હોવાનું માલુમ પડતા વેપારીએ ગ્રાહકના સ્વાંગમાં આવેલ બુટ્ટી જોવાના બદલે સોનાની બુટ્ટીની ચોરી કરનાર યુવતી ની શોધખોળ હાથ ધરી છે.

# અમીરગઢ બોર્ડર ઉપર ૨૭ લાખની રોકડ સાથે ૩ ઝડપાયા

ડીસા, તા. ૨

ગુજરાતની ઈસાન સરહદે આવેલી અમીરગઢ બોડર પરથી આજે વાહન ચેકીંગ દરમિયાન એક ગાડીમાંથી ૨૭ લાખની રોકડ રકમ મળી આવી હતી. અમીરગઢ પોલીસ માવલ બોર્ડર પર રૂટિંગ ચેકીંગ કરી રહી હતી જે દરમિયાન રાજસ્થાન તરફથી એક શંકાસ્પદ ગાડી આવતા પોલીસે તેને સાઈડમાં કરાવી તપાસ કરતા ગાડીમાંથી રોકડા ૨૭ લાખ જેટલી મોટી રકમ મળી આવી હતી. જેથી પોલીસે ગાડીમાં સવાર ત્રણ ઈસમોની અટકાયત કરી હતી. સમગ્ર મુદ્દામાલ અમીરગઢ પોલીસ સ્ટેશન લાવી તપાસ હાથ ધરાઈ છે. અમીરગઢ પોલીસે પૂછપરછ કરતા ત્રણેય ઈસમ રાજેસ્થાનના નાગોરના હોવાનું જાણવા મળ્યું હતું. આ ઈસમો ક્યાંથી પૈસા લઈને આવ્યાં અને કયા લઈ જવાના હતા ? તે અંગે કોઈ માહિતી સામે આવી નથી. ઈસમો જોડે ૨૭ લાખ જેટલી રકમના આધાર પુરાવા અંગે અમીરગઢ પીઆઈએ તપાસ હાથ ધરી છે.

### ગરીબ વિદ્યાર્થીઓ કઈ રીતે ભણશે ગુજરાત

# અરવલ્લીમાં શાળા-કોલેજ માં બાળકોને હજુ સુધી સરકારી શિષ્યવૃત્તિ જ મળી નથી, ભારે હાલાકી

## ફી પર નિર્ભર બાળકોને શિષ્યવૃત્તિ ન મળતા શાળા કોલેજોમાં આગળ અભ્યાસ કરવા માટે હાલાકી

મોડાસા, તા. ૨

સરકારના આદિજાતિ વિભાગ દ્વારા બાળકોને પોસ્ટ અને પ્રિ મેટ્રિક સ્કોલરશીપ આપવામાં આવે છે.ત્યારે અરવલ્લી જિલ્લાની પ્રાથમિક,માધ્યમિક અને ઉ.માં શાળાઓ,અને કોલેજો સહિત આશ્રમ શાળાઓમાં સત્ર પૂર્ણ થવા આવ્યું છતાં હજુ બાળકોને શિષ્યવૃત્તિ મળી નથી.શિષ્યવૃતિ ન મળવાના કારણે બાળકોની સ્થિતિ કફોડી બની રહી છે.શિષ્યવૃત્તિ ન મળવાના કારણે વર્ષના અંતે લેવાનારી પરિક્ષાઓમાં તેની અસર પડશે તેવી આશા સેવાઈ રહી છે. ગરીબ અને આર્થિક રીતે નબળા બાળકો શિષ્યવૃત્તિ પર નિર્ભર હોય છે ત્યારે સરકાર દ્વારા શિષ્યવૃત્તિ ઝડપથી મળે અને બાળકો પોતાની ફી સહિતની રકમ શાળા કોલેજોમાં આપી શકે તે માટે શાળા કોલેજોના સંચાલકો સરકારમાં રજૂઆતો કરવા છતાં હજુ સુધી કોઈ નક્કર પરિણામ મળ્યું નથી. જેથી બાળકોને આગળ અભ્યાસ કરવામાં ખૂબ જ તકલીફ પડી રહી છે.જિલ્લામાં હજુ કેટલીક શાળા કોલેજોમાં બબ્બે વર્ષની શિષ્યવૃત્તિ બાકી હોવા છતાં જિલ્લા તંત્ર રકમ ચૂકવવા ઠાગાઠૈયા કરી રહ્યું છે .ઉલ્લેખનીય છે અરવલ્લી જિલ્લા સિવાય અન્ય જિલ્લામાં બાળકોને શિષ્યવૃત્તિ ચૂકવાઈ હોવાનું શાળા કોલેજોના સાચલકો જણાવી રહ્યા છે. આ અંગે જિલ્લા તકેદારી અધિકારીનો સમ્પર્ક કરતા તેમને જણાવ્યું હતું કે જિલ્લામાં બાળકોની શિષ્યવૃત્તિ બાકી છે અને તે માટે વડી કચેરીએ જાણ કરી ગ્રાન્ટ ફાળવવા માટે લેખિત રજુઆત કરી છે.

# ડીસામાં ખાણીપીણીની ચીજો વેચતા ૩૬૪ સ્થળોએ આકસ્મિક તપાસણી

## અખાદ્ય ચીજવસ્તુઓ વેચતા અને ગંદકી ફેલાવતા વેપારીઓ દંડાયા

ડીસા, તા. ૨

ડીસામાં વધી રહેલા રોગચાળાને ડામવા માટે તંત્રે કવાયત હાથ ધરી હતી.જેમાં આરોગ્ય વિભાગ, નગર પાલિકા અને પોલીસની ટીમોએ સંયુક્ત રીતે દરોડા પાડી શહેરમાં ગંદકી અને હલકી ગુણવત્તાવાળી ચીજ વસ્તુઓ વેચતા વેપારીઓ સામે કાર્યવાહી હાથ ધરી હતી.

ડીસા સહિત સમગ્ર બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા ઘણા સમયથી વાયરલ ફીવરના કેસોમાં ખૂબ જ વધારો થયો છે અને આ વધી રહેલા રોગચાળાને અટકાવવા માટે તંત્ર સાબદુ બન્યું છે. જેમાં આજે ડીસામાં આરોગ્ય વિભાગ, નગરપાલિકા અને પોલીસની ટીમોએ સાથે કામગીરી હાથ ધરી શહેરમાં વોર્ડ વાઈઝ સઘન ચેકીંગ હાથ ધર્યું હતું.

જેમાં નાસ્તાની લારીઓ, હોટેલ, ઠંડા પીણા, બરફની ફેક્ટરીઓ, શેરડીના કોલા અને પાર્લર પર દોરડા પાડ્યા હતા, તેમજ પાણીનો ભરાવો થઈ પોરા થતાં હોય, ગંદકી હોય કે હલકી ગુણવત્તાવાળી ચીજ વસ્તુઓનું વેચાણ કરતા હોય તેવા વેપારીઓ સામે કડક કાર્યવાહી હાથ ધરી હતી. દિવસ દરમ્યાન શહેરમાં અલગ અલગ ટીમો થકી કુલ ૩૬૪ જેટલી જગ્યાએ તપાસ કરી હલકી ગુણવત્તાવાળી ખાણીપીણીની ચીજ વસ્તુઓ મળી આવતા તેનો નાશ કર્યો હતો અને વેપારીઓને દંડ ફટકાર્યો હતો અને બીજી વાર આવી ભૂલ ન કરે તે માટે કડક સૂચના પણ આપવામાં આવી હતી.